**આંક–**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| કેસ દાખલ તારીખ | | | | ૧૯/૦૧/૨૦૨૬ | | | |
| કેસ પ્રાપ્ત તારીખ | | | | ૧૯/૦૧/૨૦૨૬ | | | |
| કેસ ફેસલ તારીખ | | | | ૧૨/૦૫/૨૦૨૬ | | | |
| અવધી | **૦૦** | વર્ષ | **૦૩** | માસ | **૨૪** | દિવસ | |

## <u>ધોળકાના મહે. એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં.</u>

**ફોજદારી કેસ નંબર – ૧૩૧/૨૦૨૬**

**ફરીયાદીઃ–** **શ્રી સરકાર.**

**// વિરુદ્ધ //**

**આરોપી:–** **આકાશભાઇ મફતભાઇ પરમાર**

રહે.વરસડા વણકરવાસ,તા.તારાપુર,જી.આણંદ

**બાબતઃ–** બી.એન.એસ.ની કલમ– ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા

એમ.વી. એકટની કલમ ૧૭૭, ૧૮૪ મુજબ.

==========================================================

ફરિયાદ પક્ષ તરફે વિ.વ. શ્રી **બી. પી. ભાણાવત.**

આરોપી પક્ષ તરફે વિ. વ. શ્રી **એચ.કે.ગોહીલ**

==========================================================

**// ચુ કા દો //**

**(૧)** આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૪/૦૯/૨૦૨૫ ના રોજ આશરે કલાક–૧૯/૩૦ વાગે મોજે.ધોળકા–વટામણ હાઈવે રોડ સીમેજ ગામ કુંડલા ધરા સામે રોડ ઉપર પોતાનું હોન્ડા કંપનીનું મો.સા.નં.જીજે–૨૩–બીએચ–૦૯૬૩ નું પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી રોડની સાઈડે ચાલીને જતા ફરીયાદીને પાછળના ભાગેથી ટકકર મારી અકસ્માત કરી ફરીયાદીને ડાબા હાથે ફ્રેકચર તથા જમણા પગે તથા થાપાના ભાગે ફ્રેકચર કરી તથા જમણી આંખના નેણ ઉપર ગંભીર ઈજાઓ તથા શીરરે વધતી ઓછી ઈજાઓ કરી ગુનો કરેલ, જે ગુનો કર્યા બાબતની ફરીયાદ ફરીયાદીએ આપતાં ફરીયાદ ધોળકા રૂરલ પો.સ્ટે.માં ફ.ગુ.ર.નં.૧૧૧૯૨૦૬૪૨૫૦૪૭૦/૨૦૨૫ થી નોંધી, તપાસ કરનાર અધિકારી ધ્વારા તપાસના અંતે હાલના કામના આરોપી વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનું ચારજશીટ દાખલ કરવામાં આવેલ.

**(૨)** ફરીયાદીની સદર ફરીયાદ રજીસ્ટરે દાખલ કરી આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ મુજબ સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવેલો છે જેની ધોરણસરની બજવણી આરોપીને થતાં **ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૦૭ મુજબ** આરોપીને ફરીયાદ પક્ષના તમામ દસ્તાવેજી પુરાવાઓ વિના મૂલ્યે પુરા પાડવામાં આવેલ છે. ત્યારબાદ આંક–૦૫ થી ત્હોમતનું ફરમાવી આંક–૦૬ થી આરોપીની ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૫૧ પ્લી લેવામાં આવતાં આરોપીએ તેમની સામેના ગુન્હાનો સ્પષ્ટપણે ઈન્કાર કરતાં ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**(૩)** ફરિયાદ પક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખીક પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**–: મૌખિક પુરાવા :–**

| અ.નં. | વિગત | આંક | સાક્ષીની વિગત |
|---|---|---|---|
| ૧. | મફાભાઇ ભીખાભાઇ દેવીપુજકની જુબાની | ૦૯ | ફરીયાદી |

**-: દસ્તાવેજી પુરાવા :-**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૧૦ |
| ૨. | ગુનાવાલી જગ્યાનું પંચનામું | ૧૧ |
| ૩. | આરોપીની શરીર સ્થિતીનું પંચનામું | ૧૨ |
| ૪. | મેડીકલ સર્ટીફીકેટ | ૧૩ |

(૪) આ સિવાય ફરિયાદી તરફે અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ નથી, અને ફરિયાદી તરફે અન્ય કોઈ પુરાવો રજુ કરવા માંગતા નથી તેવી પુરાવા બંધની પુરસીસ આંક- ૧૪ થી રજુ કરવામાં આવેલ છે. અને ફરીયાદી તરફે અન્ય કોઈ સાહેદ તપાસવામાં આવેલા નથી.

(૫) ફરિયાદ પક્ષની કેસની હકીકત તથા રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાનમાં લેતાં સી.આર.પી.સી.ની કલમ-૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો ન હોય આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ બન્ને પક્ષે દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) સદર કેસના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થયેલ છે.

**-: મુદ્દાઓ :-**

(૧) શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૪/૦૯/૨૦૨૫ ના રોજ આશરે કલાક-૧૯/૩૦ વાગે મોજે.ધોળકા-વટામણ હાઈવે રોડ સીમેજ ગામ કુંડલા ધરા સામે રોડ ઉપર પોતાનું હોન્ડા કંપનીનું મો.સા.નં.જીજે-૨૩-બીએચ-૦૯૬૩ નું પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી રોડની સાઈડે ચાલીને જતા ફરીયાદીને પાછળના ભાગેથી ટકકર મારી અકસ્માત કરી ફરીયાદીને ડાબા હાથે ફ્રેકચર તથા જમણા પગે તથા થાપાના ભાગે ફ્રેકચર કરી તથા જમણી આંખના નેણ ઉપર ગંભીર ઈજાઓ તથા શીરરે વધતી ઓછી ઈજાઓ કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એકટની કલમ-૧૭૭, ૧૮૪ મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલો છે ?

૨. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના અત્રેની કોર્ટના નિર્ણયો તેમજ તેના કારણો નીચે મુજબના છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

:- કા ર ણો :-

**મુદ્દા નં.૧ ની ચર્ચા:**

(૮) આરોપી સામે હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત અનુસાર આરોપી સામેનો કેસ ફરિયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે. હાલના ગુન્હામાં આરોપી વિરૂધ્ધનો આક્ષપાચેલ ગુન્હો નિ:શંકપણે સાબિત કરવા અંગેના પુરાવાનો બોજ ફરિયાદપક્ષ પર રહેલો છે.

(૯) આ કામે ફરીયાદપક્ષ તરફે આ કામના ફરીયાદી મફાભાઇ ભીખાભાઇ દેવીપુજકને આંક-૦૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે, તેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે, બનાવ આજથી ૨૦૨૫ માં બનેલો. બનાવ સમયે સાંજે તેઓ ચાલતા કુંડલધારાથી ધોળકા વટામણ તરફ જતા હતા તે દરમ્યાન તેઓને અકસ્માત થયેલ. આ અકસ્માતમાં કયું વાહન હતું તે તેઓને ખબર નથી તેમજ અકસ્માતમાં વાહનનો નંબર કયો હતો તે તેઓને ખબર નથી. અને આ વાહન ચલાવનાર ડ્રાઇવર, આરોપીને તેઓ જોયે ઓળખી શકે નહી. આ અકસ્માત વ ખતે તેઓ પડી જતા તેઓને ઇજા થતા બેભાન થઇ ગયેલ. આ સિવાય તેઓ વિશેષ કંઇ કહેવા માંગતા નથી. આ અકસ્માત સંદર્ભે તેઓએ ફરીયાદ આપેલી જે ફરીયાદમાંતેઓના જમણા હાથના અંગુઠાનું નિશાન ઓળખી બતાવેલ છે જે ફરીયાદ આંક-૧૦ થી રજુ રાખેલ છે. તેઓ તેઓના ઓળખાણના રૂપે તેઓનું આધારકાર્ડ લાવેલ જેમાં તેઓના અંગુઠાનું નિશાન કરેલ છે જે આધારકાર્ડ નિ.૧૦/૧ થી રજુ રાખેલ છે. આમ, સદર ફરીયાદી ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ના હોય તેઓને વિ. એ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલા જાહેર કરી તેઓની ઉલટતપાસ કરવા છતા તેઓએ ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારક કોઇ હકીકત જણાવેલ નહી. ત્યારબાદ બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ કે, આરોપી સાથે ઘરમેળે સમાધાન થઇ ગયેલ છે. અકસ્માત કરનાર વાહનને તેઓ

ઓળખતા નથી. આરોપીને જોયે ઓળખતા નથી. તેઓ કેસ આગળ ચલાવવા માંગતા નથી.

(૧૦) આ કામે ફરિયાદપક્ષ તરફે આંક ૧૧ થી ગુનાવાળીજગ્યાનું પંચનામું તથા આંક–૧૨ થી આરોપીનું શરીર સ્થિતીનું પંચનામું, આંક–૧૩ થી મેડીકલ સર્ટી રજુ રાખેલ છે. પરંતુ સદર દસ્તાવેજી પુરાવો સમર્થનકારક પુરાવો હોય, તેને ફરીયાદપક્ષના મહત્વનાં પુરાવાઓની સાથે વંચાણે લેવા જરૂરી હોય છે. જયારે ફરીયાદપક્ષના મહત્વના પુરાવાઓથી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળતું ન હોય, ત્યારે સમર્થનકારક પુરાવા ઉપર આધાર રાખી આરોપીને તેમની સામે આક્ષેપાયેલ ગુના સાથે સાંકળી શકાય નહી.

(૧૧) આ કામે ફરિયાદપક્ષનો સમગ્ર પુરાવો જોતાં, આ કામે આંક–૦૯ થી ફરીયાદી મફાભાઇ ભીખાભાઇ દેવીપુજક નાઓને સોગંદ ઉપર તપાસતા જણાવેલ છે કે, બનાવ આજથી ૨૦૨૫ માં બનેલો. બનાવ સમયે સાંજે તેઓ ચાલતા કુંડલધારાથી ધોળકા વટામણ તરફ જતા હતા તે દરમ્યાન તેઓને અકસ્માત થયેલ. આ અકસ્માતમાં કયું વાહન હતું તે તેઓને ખબર નથી તેમજ અકસ્માતમાં વાહનનો નંબર કયો હતો તે તેઓને ખબર નથી. અને આ વાહન ચલાવનાર ડ્રાઇવર, આરોપીને તેઓ જોયે ઓળખી શકે નહી. આ અકસ્માત વ ખતે તેઓ પડી જતા તેઓને ઈજા થતા બેભાન થઇ ગયેલ. આ સિવાય તેઓ વિશેષ કંઇ કહેવા માંગતા નથી. આ અકસ્માત સંદર્ભે તેઓએ ફરીયાદ આપેલી. જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં સાહેદ એવી હકીકતનો સ્વિકાર કરેલ છે કે, આરોપી સાથે ઘરમેળે સમાધાન થઇ ગયેલ છે. અકસ્માત કરનાર વાહનને તેઓ ઓળખતા નથી. આરોપીને જોયે ઓળખતા નથી. તેઓ કેસ આગળ ચલાવવા માંગતા નથી. આમ, ફરીયાદીની જુબાની ફરિયાદપક્ષના કેસને પુરાવાથી લેશમાત્ર મદદરૂપ થતી નથી. આ કામના ફરિયાદપક્ષ તરફે ફરીયાદી અકસ્માત કરનાર વાહન વિશે કે તેના ચાલક ઓળખી બતાવેલ નથી તેમજ તેની ગતિ વિશે પણ કોઈ હકીકત જણાવેલ નથી. તેમજ આરોપીની અકસ્માત સમયે ઝડપ બેદરકારીભર્યા ડ્રાઈવીંગ તથા નિષ્કાળજી બાબતે કોઈ જ પુરાવો રજુ કરેલો નથી. આમ , ફરીયાદીનો પુરાવો જોતાં અકસ્માત કરનાર વાહનના

બનાવ સમયે ચાલક તરીકે આરોપીથી ફરીયાદીને ઈજાઓ થયેલાની હકીકત સ્પષ્ટપણે પુરવાર થતી નથી, જેથી આંક– ૧૦ ની ફરીયાદ આરોપી વિરૂધ્ધ સાબિત થતી નથી. વધુમાં ફરીયાદી અકસ્માત કરનાર વાહનને કે આરોપીને ઓળખી બતાવેલ નથી. આમ, આરોપીની પુરઝડપભર્યા ડ્રાઈવીંગ અને ગફલતભરી રીતે અને બેદરકારીભર્યા ડ્રાઈવીંગને કારણે હાલનો અકસ્માતનો બનાવ બનેલો હોય તેવું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ રહેલ છે. આમ, સદરહું સાહેદની જુબાની ઉપર આધાર રાખી આરોપી વિરૂધ્ધનો ગુનો સાબીત થયાનું માની શકાય નહી.

**(૧૧.૧)** તેમજ જો એમ માની લેવામાં આવે કે, મોટરસાયકલ લઈ આરોપી ધ્વારા સદરહું અકસ્માત કરવામાં આવેલ છે. ત્યારે આ કામે બી.એન.એસ.કલમ–૨૮૧ જોતાં,

**B.N.S. Section 281. Rash driving or riding on a public way.**

Whoever drives any vehicle, or rides, or rides, on any public way in a manner so *rash or negligent as to endanger human life, or to be likely to cause hurt or injury to any other person,* shall be punished with imprisonment of either description for a term which may extend to six months, or with fine which may extend to one thousand rupees, or with both.

સદરહુ કલમના તત્વો જોતાં તેમાં જણાવ્યા મુજબ પુરઝડપે અથવા ગફલતભરી રીતે તેમજ બેદરકારીપુર્વક ડ્રાયવીંગ કરવામાં આવે તો તે આ કલમ મુજબ સજાને પાત્ર બનશે.

આ કામે નામદાર સર્વોચ્ચ અદાલતનું જજમેન્ટ જોતાં ધી સ્ટેટ ઓફ કર્ણાટક વિ. સતીષ (૧૯૯૮) એસ.સી.સી.૪૯૩ માં નામદાર સર્વોચ્ચ અદાલતે પેરા–૪ માં જણાવેલ છે કે,“4. Merely because the truck was being driven at a "high speed" does not bespeak of either "negligence" or "rashness" by itself. None of the witnesses examined by the prosecution could give any indication, even approximately, as to what they meant by "high speed". "High speed" is a relative term. It was for the prosecution to bring on record material to establish as to what it meant by "high speed" in the facts and circumstances of the case. In a criminal trial, the burden of providing everything essential to the establishment of the

charge against an accused always rests on the prosecution and there is a presumption of innocence in favour of the accused until the contrary is proved. Criminality is not to be presumed, subject of course to some statutory exceptions. There is no such statutory exc eption pleaded in the present case. In the absence of any material on the record, no presumption of "rashness" or "negligence" could be drawn by invoking the maxim "res ipsa loquitur".”

ઉપરોક્ત જજમેન્ટમાં નામદાર સર્વોચ્ચ અદાલતે જણાવેલ છે કે, માત્ર પુરઝડપ નાં આધારે આરોપીને બી.એન.એસ.કલમ–૨૮૧ માટે તકસીરવાન ઠરાવી શકાય નહી. હાથ ઉપરના કેસમાં ફરીયાદી આરોપીની બેદરકારીના કારણે અકસ્માતનો બનાવ બનેલ હોય તેવું જણાવતા નથી. આ કામના સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં આરોપીની પુરઝડપે અને ગફલતભરી રીતેના કારણે બનાવ બનેલ હોય તેવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર જણાવેલ નથી. આમ, જ્યારે ફરિયાદપક્ષની હકીકતને સમર્થન મળતું નથી. ત્યારે આ કામે ફરીયાદીદની સોગંદ ઉપરની જુબાની જોતાં સદરહું અકસ્માતનો બનાવ આરોપી દ્વારા જ કરવામાં આવેલો હોય અને આરોપીની પુરઝડપે અને ગફલતભર્યા ડ્રાઈવીંગના કારણે અકસ્માતનો બનાવ બનેલ હોય અને આરોપીને ઈજા થયેલ હોય, તેવું સાબિત કરી શકેલ ન હોય જેનો સીધો લાભ આરોપીને મળવાપાત્ર છે તેવું અત્રેની અદાલતનું માનવું છે. વધુમાં આ કામે ફરીયાદપક્ષે આંક–૧૪ થી કલોઝીંગ પુરશીસ રજુ કરી તેઓને કોઈ વિશેષ પુરાવો આપવો નથી તેવું જાહેર કરેલ છે. આમ, ફરીયાદપક્ષે કોઈ સમર્થનકારી પુરાવા તરીકે કોઈ વિશેષ પુરાવો રજુ કરેલ નથી.

વધુમાં, ૧૯૯૬(૩) ક્રાઈમ્સ, પાના નં.૮૫ ઉપર પ્રસિધ્ધ થયેલ સતીષ મહેરા વિરુધ્ધ દિલ્હી એડમીનિસ્ટ્રેશનનાં ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા પ્રતિપાદીત કરેલ સિધ્ધાંત મુજબ જ્યારે મહત્વનાં સાહેદો ફરિયાદપક્ષનાં કેસને સમર્થન આપતા ન હોય ત્યારે બાકીના સાહેદોને તપાસવાની ફોર્માલીટી પુરી કરવી જરૂરી નથી. સદર ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતને એવું નિરીક્ષણ કરેલ છે કેઃ–

When judge is certain that there is no prospect of case ending in conviction valuable time of court should not be wested for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date.

**(૧૨)** આમ, નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત સાથે તેમજ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરિયાદપક્ષનો સમગ્ર પુરાવો વંચાણે લેવામાં આવે તો, આરોપીને ગુનાના કામે સાંકળતો કોઈ મહત્વનો પુરાવો ફરિયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. જે બાબત ધ્યાને લેતાં, આ કામના આરોપીએ તા.૨૪/૦૯/૨૦૨૫ ના રોજ આશરે કલાક–૧૯/૩૦ વાગે મોજે.ધોળકા–વટામણ હાઈવે રોડ સીમેજ ગામ કુંડલા ધરા સામે રોડ ઉપર પોતાનું હોન્ડા કંપનીનું મો.સા.નં.જીજે–૨૩–બીએચ–૦૯૬૩ નું પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી રોડની સાઈડે ચાલીને જતા ફરીયાદીને પાછળના ભાગેથી ટકકર મારી અકસ્માત કરી ફરીયાદીને ડાબા હાથે ફ્રેકચર તથા જમણા પગે તથા થાપાના ભાગે ફ્રેકચર કરી તથા જમણી આંખના નેણ ઉપર ગંભીર ઈજાઓ તથા શીરરે વધતી ઓછી ઈજાઓ કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો કરેલ હોય તે હકીકત પુરવાર થતી નથી. આમ, ઉપરોકત હકીકત જોતાં આરોપી સામેનો આક્ષેપિત ગુનો ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પરે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ જેથી મુદ્દા નં.૧ નો જવાબ "**નકારમાં**" આપી મુદ્દા નં.૨ અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:હુ ક મ:–**

(૧) આ કામના આરોપી **આકાશભાઈ મફતભાઈ પરમાર** રહે.વરસડા વણકરવાસ, તા.તારાપુર, જી.આણંદનાઓને બી.એન.એસ.એસ.કલમ–૨૭૮ અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષા પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ બીએનએસએસની કલમ–૪૮૧ મુજબ અપીલ કોર્ટમાં હાજર રહેશે તેવી ખાત્રી આપતાં છ માસના સમય માટે રૂ.૫,૦૦૦/– ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ–૧૨ મી, માહે– મે, સને– ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:– ૧૨/૦૫/૨૦૨૬
સ્થળ – ધોળકા.

(બી.એમ.ગઢીયા)
એડીશનલ ચીફ જ્યુડી.મેજી.,ધોળકા
યુનિક કોડ જીજે ૦૧૧૭૬